૭૮૨-૮૩

ક્રમાંકઃજમન/૧૪/અ/ /સને.૨૦૨૧-૨૨
નાયબ વન સંરક્ષકશ્રીની કચેરી,
સાબરકાંઠા વન વિભાગ,ટાવર સામે,
હિંમતનગર તા. -૧૧-૨૦૨૧

પ્રતિ,
મુખ્ય વન સંરક્ષકશ્રી,
ગાંધીનગર વન વર્તુળ,
ગાંધીનગર

**વિષય :-** Proposal for diversion of (Area 27.051 Ha.) Forest land for Non forest purpose in Reserved forest land widening of Khokhara Gujarat Border - Vijaynagar - Antarsuba - Mathasur Road in Taluka Vijayanagar, Idar & Vadali of District Sabarkantha. (Area 27.051 Ha.)

**સંદર્ભ :-** આપના પત્ર ક્રમાંકઃવસંઘા/૧૭/બ/૧૨૪૭ તા.૦૪/૦૬/૨૦૨૨

સાદર નિવેદન સહ ઉપરોકત વિષય બાબતે જણાવવાનું કે, સંદર્ભીય પત્રથી માગવામાં આવેલ પૂર્તતા અહેવાલ નીચે મુજબ સાદર કરવામાં આવે છે જે વિદિત થાય.

(૧) ખોખરા બોર્ડર થી વિજયનગર, આંતરસુબા માથાસુર રોડ પહોળો કરવા બાબતની દરખાસ્ત કરવામાં આવેલ હતી તેમાં નડતર કર્તા વૃક્ષોના માર્કિંગ ખરડા સાથે દરખાસ્ત અત્રેથી સાદર કરવામાં આવેલ હતી તેમાં સંદર્ભીય પત્રથી જણાવ્યા અનુસાર ઓછા વૃક્ષો કાપવા અંગે જણાવતાં યુઝર એજન્સીને અત્રેની કચેરીએ રૂબરૂ બોલવાવી આ અંગે મીટીંગ કરી સદર રોડમાં ખરેખર કેટલો વિસ્તાર ઉપયોગમાં લેવાનો છે અને તેમાં નડતર કર્તા વૃક્ષો આવતા હોય તેનું સર્વે કરાવવા જણાવવામાં આવ્યુ ત્યારબાદ યુઝર એજન્સી તરફથી સ્થળે સર્વે કરાવ્યા બાદ જે જે વૃક્ષો નડતર કર્તા હતાં તેની તાબાના સ્ટાફ ધ્વારા ગણત્રી કરાવતાં ધોલવાણી રેંજમાં-૨૧૧૬ વૃક્ષો અને વિજયનગર રેંજમાં-૨૫૬૭ વૃક્ષો મળી કુલ ૪૬૮૩ વૃક્ષો નડતર કર્તા હોઈ તેટલાં વૃક્ષો કાપવાનાં થાય છે.

(૨) ડાયવર્ઝન થતો વિસ્સ્તાર ૨૭.૦૫૧ હે.આર. છે જેની રાઉન્ડમાં ગણત્રી કરતાં ૨૮.૦૦ હેકટર વિસ્તાર ગણેલ હતો, અને તેનો બમણો વિસ્તાર ૫૬.૦૦ હેકટર ગણી વળતર વનીકરણની દરખાસ્ત કરેલ હતી પરંતુ આપની સુચના મુજબ વળતર વનીકરણની દરખાસ્ત સુધારીને ૫૫.૦૦ હેકટરની તૈયાર કરી પાંચ નકલમાં સાદર કરવામાં આવે છે જે વિદિત થાય.

૨૩/૧૧/૨૨ ૦/૮ ૨૩/૧૧/૨૨

નાયબ વન સંરક્ષક
સાબરકાંઠા, હિંમતનગર

**નકલ જય ભારત સહ રવાનાઃ-** નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી રાષ્ટ્રીય ધોરીમાર્ગ પેટા વિભાગ ઈડર તા.ઈડર જી.સાબરકાંઠા તરફ આપના પત્ર એનએચએસડી/એસડીસી/ઈડર/૩૬૨ તા.૦૪/૦૮/૨૦૨૨ નાઅનુસંધાને જાણ સારૂ.